Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
www.researchguru.net
Volume-16, Issue-1, June-2022

# અમદાવાદ ગ્રામિણ વિસ્તારની માધ્યમિક શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓમાં સામાજિક સમાયોજન

**સોનલબેન સેનમા**
રીસર્ચ સ્કોલર, શિક્ષણશાસ્ત્ર,
હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ

***સારાંશ:***

*'જો વ્યક્તિ પોતાની દૃષ્ટિ છોડી બીજાની દૃષ્ટિએ જુએ તો જગતના અડધા દુ:ખ શાંત થઈ જાય છે.' આ સોનેરી વાક્યો જો પોતાના જીવનમાં ઉતારે તો તેના જીવનમાં કદી દુ:ખ રહે જ નહી.*

*શિક્ષણશાસ્ત્રમાં વિદ્યાર્થીના મનોવિજ્ઞાનનો પણ અભ્યાસ કરવામાં આવતો હોય છે. વિદ્યાર્થીઓમાં અમાનવીયના વર્તન થવા પાછળના સામાજિક, આર્થિક શારીરિક અને માનસિક કારણો જવાબદાર હોય છે અને આ કારણોના લીધે તેના વર્તનમાં થોડા સમય અથવા લાંબા સમય પુરતી સમસ્યાઓનો ઉદ્‌ભવ થાય છે. જે વિદ્યાર્થીના વિકૃત વર્તન માટે જવાબદાર હોય છે. એક સમાન પરિસ્થિતિમાં પણ વિદ્યાર્થીઓમાં જુદા જુદા પ્રકારના વર્તનો જોવા મળે છે. આ વર્તનની વિસ્તૃત જાણકારી મેળવવા માટે પ્રસ્તુત સંશોધન હાથ ધરવામાં આવ્યું છે.*

***ચાવીરૂપ શબ્દો:***

*સમાયોજન, માધ્યમિક શાળા, ગ્રામિણ વિદ્યાર્થીઓ*

## ૧. પ્રસ્તાવના

આજનો યુગ ચિંતા, જટિલતા અને પરિવર્તનનો યુગ છે. આજના યુગમાં માનવી પ્રાણીઓની સારખામણીમાં ખૂબ જ ઝડપથી પોતાના જીવનના વિવિધ ક્ષેત્રોમાં વિકાસ સાધી રહ્યો છે. તેથી ટેક્નોલોજીના ઝડપી વિકાસમાં માહિતીના વિચારના જ્ઞાનના પ્રસારમાં જીવનની સુખદ પળોમાં નવરાશના સમયમાં વધારો થયો છે. આ કારણોથી સતત બદલાતા જતા, પડકારરૂપ વાતાવરણમાં કેવું વર્તન કરવું તે માનવી નક્કી કરી શકતો નથી.

તેમજ આજનો વિદ્યાર્થી શાળા, કોલેજ, પરિવાર, મિત્રો, વગેરે સાથે સતત સંપર્ક રહી શકે તેવી ટેક્નોલોજી આજે નિર્માણ પામી છે અને જેટલા સંપર્ક વધારે તેટલા કાર્યો પણ વધુ આવતા હોય છે. તેમજ દરેક કાર્ય કરવા અને આજની પરિવર્તનશીલ દૂનિયામાં જીવવું વિદ્યાર્થીના પોતાની અંતરના વાતાવરણમાં પરિવર્તન થયા છે, જેથી તેના વર્તનમાં ફેરફારો નોંધાય છે. તેમ છતાં પરિવર્તન સાથે અસરકારક રીતે કામ પાર પાડવું એટલે સમાયોજન. પ્રસ્તુત સંશોધનમાં સામાજિક સમાયોજનના વિષય પર ભાર મૂકવામાં આવ્યો છે. આ પ્રકારનું સમાયોજન વિદ્યાર્થીઓમાં જેટલા પ્રમાણમાં સમાયોજન સારૂ તેટલું તેનું કૌટુંબિક અને સામાજિક સમાયોજન સારૂ હોય છે અને વિદ્યાર્થી પોતાના અંગત જીવનમાં અને સામાજિક જીવનમાં યોગ્ય સૂમેળ સાધી શકે છે, નિષ્ફળતા અને ખરાબ પરિસ્થિતિમાં પણ તે આત્મવિશ્વાસથી ઊભો રહી શકે છે અને પોતાના રચનાત્મક કાર્યોથી સમાજમાં મહત્વની ઉપયોગી ભેટ આપી શકે છે. આમ, આજનો વિદ્યાર્થી દરેક ક્ષેત્રી સમાયોજન સાધી શકે છે કે કેમ? તે તપાસવાના હેતુથી પ્રસ્તુત સંશોધનમાં ગ્રામિણ વિસ્તારના માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ પર સંશોધન કરી યોગ્ય તારણો રજૂ કરવામાં આવ્યા છે.

## ૨. સમાયોજનનો ખ્યાલ

સમાયોજન એટલે પર્યાવરણ સાથે સૂમેળ ભરેલો સંબંધ મોટાભાગના લોકો સામાન્ય રીતે સમાયોજન ધરાવતા હોય છે. કુટુંબીજનો, મિત્રો તેમજ અન્ય લોકો સાથે સારી રીતે મેળ બેસાડવા હોય છે. તેઓનું બૌદ્ધિક અને આવેગાત્મકજીવન પર્યાવરણ સાથે સંતોષકારક રીતે મેળ કરી શકે છે. સામાયન્ય રીતે તેઓ જીવનમાં આવતી મુશ્કેલીઓને ઉકેલવાનું શીખે છે. જેમાં કાંઈપણ થઈ શકે તેમ ન હોય તેને બાજુએ મૂકે છે

અથવા અનિવાર્ય હોય તો તેમાં સહકારથી કાર્ય લે છે. આવી વ્યક્તિઓ સામાન્ય ગણાય છે.

**ટોલબર્ટ (૧૯૫૯):** સમાયોજના ખ્યાલના સંદર્ભમાં બે મહત્વની બાબતોનો નિર્દેશ કરે છે.

- સમાયોજની સ્થિતિ સ્થિર હોવા છતાં તે સતત બદલાતી પ્રક્રિયા છે. એક વખત અમૂક સ્તરે પહોંચ્યા બાદ તેને ટકાવી રાખવામાં આવે છે.

સામાન્ય સમાયોજની મર્યાદાઓ વિશાળ છે તેની હદો અસ્પષ્ટ છે. વર્તનના અસંખ્ય પ્રકારોની સામાન્યની મર્યાદામાં સમાવેશ થઈ શકે છે.

### ૩. શાળા કોલેજોમાં સમાયોજન

બાળક શાળામાં પ્રવેશતા જ ઘરના નિયમો અને વાતાવરણને છોડીને નવી રીતે વર્તન કરતા શીખે છે. નિયમિતતા, સમય પાલન, શિષ્તતાના પ્રશ્નો, જવાબદાર વર્તન, પરિક્ષાની ચિંતા, શિક્ષાનો ભય, ભૂલી જવાનો ડર, બાળક સામે આવે છે. બાળક અન્ય શાળા કે કોલેજમાં જાય છે. ત્યારે તેના નવા મિત્રો, શિક્ષકો, ખોરાક, રહેઠાણ સામે સમાયોજન શાધવું પડે છે. આ સમાયોજનને સફળ બનાવવા વિદ્યાર્થીએ મિત્રો, માતા-પિતા, શિક્ષકો, સામાજિક સંસ્થાઓ, સલાહકારો, માર્ગદર્શક, વગેરેનો સહારો લેવો જોઈએ. આ ક્ષેત્રના સમાયોજનની સફળતા વ્યક્તિને ઉત્તમ ભાવિજીવન આપે છે અને નિષ્ફળતા, માદક પદાર્થના વ્યસની બનવા તરફ કે આત્મહત્યા જેવા આત્યાંતિક માર્ગો તરફ પણ લઈ જાય છે.

### ૪. અધ્યયનના હેતુઓ

આ સંશોધન વિદ્યાર્થીઓનું સામાજિક સમાયોજન જાણવાનો છે, તેમાં મૂખ્યત્વે અમદાવાદ ગ્રામિણ વિસ્તારની માધ્યમિક શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના સમાયોજન વચ્ચેનો સંબંધ જાણવાનો હેતુ રહેલો છે.

૧. માધ્યમિક શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના સમાયોજન અંગેનો અભ્યાસ કરવો

૨. માધ્યમિક શાળાના છોકરાઓ અને છોકરીઓના સમાયોજનનો અભ્યાસ કરવો.

### ૫. અભ્યાસની ઉત્કલ્પનાઓ

પ્રસ્તુત સંશોધનમાં અમદાવાદ ગ્રામ્ય વિસ્તાર કુલ ૧૫ માધ્યમિક શાળામાંથી ધોરણ-૯ અને ધોરણ-૧૦ ના વિદ્યાર્થીઓના 30-30 નમૂના તરીકે પસંદગી કરીને નીચેની ઉત્કલ્પનાઓને તપાસવામાં આવી છે.


- માધ્યમિક શાળામાં ધોરણ-૯ અને ધોરણ-૧૦માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના સમાયોજન વચ્ચે કોઈ સાર્થક તફાવત નહી હોય.
- માધ્યમિક શાળામાં અભ્યાસ કરતા છોકરાઓ અને છોકરીઓના સમાયોજન વચ્ચે કોઈ સાર્થક તફાવત નહી હોય.
- માધ્યમિક શાળામાં ધોરણ-૯ અને ધોરણ-૧૦માં અભ્યાસ કરતા છોકરાઓ અને છોકરીઓના સમાયોજન વચ્ચે કોઈ સાર્થક તફાવત નહી હોય.

### ૬. પરિણામ ચર્ચા અને અર્થઘટન

પ્રસ્તુત અભ્યાસમાં અમદાવાદના ગ્રામિણ વિસ્તારની માધ્યમિક શાળાઓના ધોરણ-૯ અને ધોરણ-૧૦ના કુલ ૧૨૦ વિદ્યાર્થીઓ પાસેથી સમાયોજન સંશોધનિકા દ્વારા મેળવેલા પ્રાપ્તાંકો પરથી આંકડાશાસ્ત્રીય પૃથક્કરણ માટે મધ્યક, પ્રમાણિત વિચલનને તેના પરથી પ્રમાણભૂત અને ટી-મૂલ્યની ગણતરી કરવામાં આવી અને તેના આધારે સાર્થકતાની ચકાસણી કરવામાં આવી છે.

**માધ્યમિક શાળામાં ધોરણ-૯ અને ધોરણ-૧૦માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના સમાયોજનના પ્રાપ્તાંકો ની કક્ષા દર્શાવતી સારણી**

| ક્રમાંક | વિદ્યાશાખા | પ્રાપ્તાંકો | | | SED | 't' ની કિંમત | સાર્થકતાની કક્ષા |
|---|---|---|---|---|---|---|---|
| | | સંખ્યા | મધ્યક | Y વિચલન | | | |
| ૧ | ધોરણ-૯ | 60 | 107.91 | 31.80 | 5.33 | 2.33 | 0.05 |
| ૨ | ધોરણ-૧૦ | 60 | 95.51 | 28.47 | | | |





**માધ્યમિક શાળામાં ધોરણ-૯ અને ધોરણ-૧૦માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના સમાયોજનના પ્રાપ્તાંકોની કક્ષા દર્શાવતો આલેખ**

ઉપરોક્ત સારણી અને આલેખ પરથી સ્પષ્ટ થાય છે કે, માધ્યમિક શાળાના ધોરણ-૯ અને ધોરણ-૧૦ના વિદ્યાર્થીઓના સમાયોજન પ્રાપ્તાંકોની મધ્યક માધ્યમિકમાં ૧૦૭.૯૧ અને ઉચ્ચતર માધ્યમિકમાં ૯૫.૫૧ છે. જ્યારે પ્રમાણિત વિચલન માધ્યમિકમા ૩૧.૮૦ અને ઉચ્ચતર માધ્યમિકમાં ૨૮.૪૭ છે. આ બન્ને વચ્ચે SED ૫.૩૩ છે અને તેનું ટી-મૂલ્ય ૨.૩૩ છે. જે સાર્થકતાની કક્ષાએ ૦.૦૫ ઉપર આપેલી છે. આથી પરિકલ્પના કે જે 'માધ્યમિક શાળાના ધોરણ-૯ અને ધોરણ-૧૦ના વિદ્યાર્થીઓના સમાયોજનના પ્રાપ્તાંકો વચ્ચે કોઈ સાર્થક તફાવત નહી હોય.' તેનો અસ્વીકાર થાય છે. કારણ કે આધુનિક યુગમાં વિદ્યાર્થીઓ ઝડપી પરિવર્તનના લીધે સમાયોજન સાધીને આજનો વિદ્યાર્થી પોતે પરિપક્વ છે.

**માધ્યમિક શાળામાં ધોરણ-૯ અને ધોરણ-૧૦માં અભ્યાસ કરતા છોકરાઓ અને છોકરીઓના સમાયોજનના પ્રાપ્તાંકોની કક્ષા દર્શાવતી સારણી**

| ક્રમ | વિદ્યાશાખા | પ્રાપ્તાંકો | | | SED | 't' મૂલ્ય | સાર્થકતાની કક્ષા |
|---|---|---|---|---|---|---|---|
| | | સંખ્યા | મધ્યક | Y વિચલન | | | |
| ૧ | છોકરાઓ | 60 | 108.66 | 31.17 | 5.29 | 2.63 | 0.01 |
| ૨ | છોકરીઓ | 60 | 93.76 | 30.74 | | | |





**માધ્યમિક શાળામાં ધોરણ-૯ અને ધોરણ-૧૦માં અભ્યાસ કરતા છોકરાઓ અને છોકરીઓના સમાયોજનના પ્રાપ્તાંકોની કક્ષા દર્શાવતો સ્તંભાલેખ**

ઉપરોક્ત પ્રાપ્તાંકો પરથી ફલિત થાય છે કે, માધ્યમિક શાળાના છોકરાઓના સમાયોજન પ્રાપ્તાંકોની મધ્યક 108.66 છે જ્યારે ત્યાંની છોકરીઓમાં 93.76 છે. જ્યારે પ્રમાણિત વિચલન છોકરાઓમા 31.17 અને છોકરીઓમાં 30.74 છે. આ બન્ને વચ્ચે SED 5.29 છે અને તેનું ટી-મૂલ્ય 2.63 છે. જે સાર્થકતાની કક્ષાએ 0.01 ઉપર આપેલી છે. આમ, માધ્યમિક શાળામાં અભ્યાસ કરતા છોકરાઓ અને છોકરીઓના સમાયોજન વચ્ચે કોઈ સાર્થક તફાવત નહી હોઈ પરિકલ્પનાનો અસ્વીકાર થાય છે. માધ્યમિક શાળામાં અભ્યાસ કરતી છોકરીઓ કરતા છોકરાઓ વધુ સમાયોજન ધરાવે છે. જેના સંભવિત કરણો એ હોઈ શકે કે સમાજમાં છોકરીઓની કૌટુંબિક જવાબદારી, કુટુંબની અપેક્ષાઓ નીતિ નિયમો બધી જ બાબતો વધુ પડતી લાગુ પાડવામાં આવતી હશે. આથી છોકરાઓ કરતા છોકરીઓને સમાયોજન કરવામાં વધુ મુશ્કેલી પડતી હશે.

**માધ્યમિક શાળામાં ધોરણ-૯ માં અભ્યાસ કરતા છોકરાઓ અને છોકરીઓના સમાયોજનના પ્રાપ્તાંકોની કક્ષા દર્શાવતી સારણી**


| ક્રમ | વિદ્યાશાખા | પ્રાપ્તાંકો | | | SED | 't' મૂલ્ય | સાર્થકતાની કક્ષા |
|---|---|---|---|---|---|---|---|
| | | સંખ્યા | મધ્યક | Y વિચલન | | | |
| ૧ | ધોરણ-૯ના છોકરાઓ | 30 | 115.53 | 27.51 | 7.56 | 2.54 | 0.05 |
| ૨ | ધોરણ-૯ના છોકરીઓ | 30 | 96.33 | 30.94 | | | |




ઉપરોક્ત સારણીથી જાણવા મળે છે કે, માધ્યમિક શાળાના ધોરણ-૯ના છોકરાઓ છોકરાઓનું સમાયોજન પ્રાપ્તાંકોનો મધ્યક 115.53 અને જ્યારે છોકરીઓમાં 96.33 છે. જેનો પ્રમાણિત વિચલન ધોરણ-૯ના છોકરાઓમાં 27.51 અને છોકરીઓમાં 30.94 છે. આ બન્ને વચ્ચે SED 7.56 છે અને તેનું ટી-મૂલ્ય 2.54 છે. જે સાર્થકતાની કક્ષાએ 0.05 ઉપર આપેલી છે, તેથી સાર્થક જોવા મળે છે. તેથી માધ્યમિક શાળામાં અભ્યાસ કરતા ધોરણ-૯ના છોકરાઓ અને ધોરણ-૯ની છોકરીઓના સમાયોજન વચ્ચે સાર્થક તફાવત નહી હોય. જેના સંભવિત કારણો એ છે કે આપણા પુરુષ પ્રધાન સમાજમાં છોકરીઓનો દરજ્જો ઊતરતો જાવે મળી રહ્યો છે. બૌદ્ધિક ક્ષમતા છોકરા-છોકરીઓમાં સરખી હોવા છતાં છોકરાઓનો બૌદ્ધિક બાહ્ય ક્ષેત્રો વધુ તકો મળે છે અને છોકરાઓને પુરતી સગવડ મળે છે. તેથી કહી શકાય કે છોકરાઓ કરતા છોકરીઓમાં સામાજિક સમાયોજન ઓછું જોવા મળ્યું હશે.

**માધ્યમિક શાળામાં ધોરણ-૧૦માં અભ્યાસ કરતા છોકરાઓ અને છોકરીઓના સમાયોજનના પ્રાપ્તાંકોની કક્ષા દર્શાવતી સારણી**

| ક્રમ | વિદ્યાશાખા | પ્રાપ્તાંકો | | | SED | ‘t’ મૂલ્ય | સાર્થકતાની કક્ષા |
|---|---|---|---|---|---|---|---|
| | | સંખ્યા | મધ્યક | Y વિચલન | | | |
| ૧ | ધોરણ-૧૦ના છોકરાઓ | 30 | 97.83 | 28.11 | 7.00 | 1.23 | બિન-સાર્થક |
| ૨ | ધોરણ-૧૦ના છોકરીઓ | 30 | 89.23 | 26.13 | | | |



**માધ્યમિક શાળામાં ધોરણ-૧૦માં અભ્યાસ કરતા છોકરાઓ અને છોકરીઓના સમાયોજનના પ્રાપ્તાંકોની કક્ષા દર્શાવતો સ્તભાંલેખ**

ઉપરોક્ત સારણીમાં જોતા માધ્યમિક શાળાના ધોરણ-૧૦ના છોકરાઓનું સમાયોજન પ્રાપ્તાંકોની મધ્યક 97.83 અને માધ્યમિક શાળાની ધોરણ-૧૦ની છોકરીઓમાં 89.23 છે. જ્યારે પ્રમાણિત વિચલન છોકરાઓમાં 28.11 અને છોકરીઓમાં 26.13 છે. આ બન્ને વચ્ચે SED 7.00 છે અને તેનું ટી-મૂલ્ય 1.23 છે. જે સાર્થકતાની કક્ષાએ 0.05 ઉપર મળે છે. તેથી માધ્યમિક શાળામાં અભ્યાસ કરતા ધોરણ-૧૦ના છોકરાઓ-છોકરીઓના સમાયોજન વચ્ચે તફાવત બિન-સાર્થક છે. જેના સંભવિત કારણો એ હોય શકે કે છોકરાઓ અને છોકરીઓને શિક્ષણ માટેની સરખી તકો પ્રાપ્ત થાય છે. આ સિવાય વિદ્યાર્થીઓના માતા-પિતા વધુ ભણેલા હોય છે.

## ૭. તારણો અને સૂચનો

પ્રસ્તુત અધ્યયનમાં અમદાવાદ ગ્રામિણ વિસ્તારની માધ્યમિક શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓનો નિદર્શ તરીકે પસંદ કરવામાં આવ્યા હતા, તેના પરિણામોના આધારે નીચેના તારણો તારવી શકાય.

૧. માધ્યમિક શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના સમાયોજન વચ્ચે સાર્થક તફાવત છે.

૨. માધ્યમિક શાળામાં અભ્યાસ કરતા છોકરાઓ અને છોકરીઓના સમાયોજન વચ્ચે સાર્થક તફાવત છે.

૩. માધ્યમિક શાળામાં અભ્યાસ કરતા ધોરણ-૯ના છોકરાઓ અને છોકરીઓના સમાયોજન વચ્ચે સાર્થક તફાવત છે.

૪. માધ્યમિક શાળામાં અભ્યાસ કરતા ધોરણ-૧૦ના છોકરાઓ અને છોકરીઓના સમાયોજન વચ્ચે સાર્થક તફાવત છે.

પ્રસ્તુત અભ્યાસ પરથી સૂચવવામાં આવતા સૂચનો આ પ્રમાણે છે.

- પોતાની જાત વિશેનું જ્ઞાન વધારવું.
- પોતાની સાચી જરૂરિયાતોની યોગ્ય સમજણ કેળવવી.
- વ્યક્તિએ પોતે બીજા ઉપર પાડેલી અસરનું જ્ઞાન મેળવવું.
- વર્તનામં પરિવર્તન લાવવું.
- સમાજના સભ્યો વચ્ચે પરસ્પર વિશ્વાસની ભાવના કેળવવી.
- કોઈપણ નિર્ણય સમગ્ર સમાજના હિતને ધ્યાનમાં રાખીને લેવું.
- સમસ્યાની સમાજના સભ્યો વચ્ચે ખુલ્લી રીતે ચર્ચા કરવી.
- સમાજના પ્રશ્નોનો ઉકેલ લાવવા માટે વાસ્તવવાદી વલણ અપનાવવું.

આમ, સમાયોજનનું શિક્ષણશાસ્ત્ર અને મનોવિજ્ઞાન સમાયોજન સુધારવાના વાસ્તવિક અને વૈજ્ઞાનિક માર્ગો દર્શાવે છે.

**સંદર્ભગ્રંથ સૂચિ**


પાટીલ, શીતલ (૨૦૦૫), કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના સંદર્ભમાં અભ્યાસ, અપ્રકાશિત સંશોધન પેપર, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ

વોરા, કલ્પેશ એમ. (૨૦૦૯), કુટુંબમાં રહેતા અને હોસ્ટેલમાં રહેતા ધોરણ-૧૦ના વિદ્યાર્થીઓનો કૌટુંબિક સમાયોજનનો અભ્યાસ, સ્ટેટલેવાલ કોન્ફરન્સ, સુવિનેચાર

દવે, પારૂલ સી. (૨૦૦૯), ઉચ્ચત્તર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓના આવેગાત્મક સમાયોજનનો તુલનાત્મક અભ્યાસ, નેશનલ સેમીનાર, સુવિનેચાર

ઉચાટ, ડી. એ. (૨૦૦૯), શિક્ષણ અને સામાજિક વિજ્ઞાનોમાં સંશોધનનું પદ્ધતિશાસ્ત્ર, રાજકોટઃ સાહિત્ય મુદ્રણાલય

પટેલ, આર. એસ. (૨૦૦૯), શૈક્ષણિક સંશોધન માટે આંકડાશાસ્ત્રીય પદ્ધતિઓ, અમદાવાદઃ જય પબ્લિકેશન

જનસારી, અશ્વિન બદામી, હરકાંત અને ચારુલત્તા એચ. બદામી (૨૦૧૧), સામાજિક સમાયોજન સંશોધનિકા બોધપત્ર, અમદાવાદઃ ભારતી મનોમાપન કેન્દ્ર